# રાજ્યની સહકારી બેંકોના ચેરમેનો સાથે મુખ્યમંત્રીએ બેઠક યોજી

ગાંધીનગર,તા. ૨૪

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર સહકારી બેંકોને ધિરાણ આપવા માટેની ૬ ટકા સબસીડી મળી છે. 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના્ થકી રાજ્યની સહકારી બેંકો પોતાના વિસ્તારમાં આવા મહિલા સભ્યોની સંખ્યા વધારી શકશે, નાના માણસોની મદદ કરી શકશે અને મહિલા જુથોને ૦ % વ્યાજે લોન મળતી થશે.

વિજયભાઇ રૂપાણીએ 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના્ની સમજ અને અમલીકરણ માટેની ગાંધીનગર ખાતે આયોજીત બેઠકમાં સહકારી બેક્રોને નાના માણસોને ધિરાણ આપવા માટે આગળ આવવા હાકલ કરી હતી.

સહકારિતાની સંકલ્પનાનો મુળમંત્ર નાના માણસોની મદદ છે. આ યોજનાની સફળતાથી આપણે ગ્રામીણ-શહેરી આર્થિક નબળા વર્ગમાં માઈક્રોફાઈનાન્સનું એક આદર્શ મોડલ ઊભું કરી બતાવીશું. મુખ્યમંત્રીએ માઈક્રોફાઈનાન્સથી ગ્રામીણ અર્થતંત્રને ધબકતુ રાખી ખુશહાલી લાવવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આત્મનિર્ભર ગુજરાત યોજના બની ત્યારે સ્પષ્ટ હતું કે આ કામ રાજ્યની સહકારી બેંકો જ કરી શકશે. સહકારી બેંકો ગ્રાહક સાથે આત્મીય સંબંધ ધરાવે છે. સહકારી બેંકોમાં સહકારિતાનો ભાવ, નાના માણસોને મદદ કરવાની લાગણી, નાના માણસોની વેદના-વ્યથા અને તકલીફ સમજી શકવાની ક્ષમતા સવિશેષ જોવા મળે છે

તેમણે વધુમાં કહ્યું કે, કોરોના જેવી મહામારી સદીમાં એક વાર આવતી હોય છે તેવા સમયે સહકારી બેંકોએ તેમનું સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ નિભાવી જાણ્યું છે. નાના માણસો, છૂટક વેપાર, મજૂરી કરતા, રોજનું કમાઈને રોજ ખાતા લોકોને સહકારી બેંકોએ ૦૧ થી ૨.૫ લાખની લોન આપી લોકડાઉનમાં જે આર્થિક ખાંચો પડયો હતો તેને પૂરી આપ્યો છે. સહકારી બેંકોએ રાજ્યના અઢી લાખ લોકોને કુલ ૨૫૦૦ કરોડનું ધિરાણ આપ્યું છે.

## ખૂણેખાંચરેથી

- માણસાના રિદ્રોલ ગામેથી એક બોગસ ડોકટર આરોગ્યની ટીમે પકડી પાડી પોલીસ ફરિયદ દાખલ કરી છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા આર.ટી.આઈ. સેલના ૧૩ જેટલા સભ્યોની નિમણુંક શહેર સમિતિના પ્રમુખ ડૉ. કૌશિક શાહે કરી છે.
- ગાંધીનગર શહેરમાં ત્રિદિવસીય મીનીવેકેશનને પગલે કેટલીક ઓફિસો બપોર બાદ ખાલીખમ ભાસતી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલના હસ્તે આજે મિડીયાકર્મીઓને કોરોના વોરિયર્સ તરીકે સન્માનિત કર્યા હતા.
- ગાંધીનગર જિલ્લાની દિશાની બેઠક આગામી સપ્તાહે યોજાશે તેવા સંકેતો મળી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ જે ચાલે છે તેમાં આજે ૩૦થી પણ ઓછા કેસ નોંધાયા છે.
- ગાંધીનગર શહેરમાં ઠંડીના ચમકારાએ શહેરીજનોને ધ્રુજાવી દીધા છે તો સ્વીટ માર્ટમાં વસાણાની ખરીદી પણ વધવા પામી છે.
- શહેરના જાણીતા ગાયનેકોલોજીસ્ટ અને કલ્ચરલ ફોરમના ઉપાધ્યક્ષ ડૉ. રાજેશ શાહનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હવે આટલા શાકથી ચલાવવું પડશે ખબર છે ને હવે બધા લોકો પોતાની જાતે જ માસ્ક પહેરીને જ નીકળે છે...

# વિશેષ એજયુકેશન સેન્ટર ખાતે નાતાલની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં નાતાલનો માહોલ છવાઈ ગયો છે અને વિવિધ સંસ્થાઓ દ્વારા પણ નાતાલની ઉજવણી કરવામાં આવી રહી છે. શહેરમાં તરીકે સેવા કરતી અને કેનેડા હ્યુમન રિસોર્સની વિદ્યાર્થીની તિથી પટેલ અને વિશેષના ડાયરેકટર દિપાલીબેન ઉપાધ્યાયે સંસ્થામાં તાલીમ લઈ રહેલા મનોદિવ્યાંગ



સેકટર-૧ ખાતે મનોદિવ્યાંગ બાળકો માટે કાર્યરત વિશેષ એજયુકેશન સેન્ટર ખાતે પણ નાતાલની ઉજવણી કરવામાં આવી હતી.

વિશેષ એજયુકેશન સેન્ટર ખાતે આયોજિત નાતાલની ઉજવણીમાં શહેરમાં સ્વયંસેવિકા બાળકોને નાતાલ અંગે સમજ પુરી પાડી હતી તેમજ આ બાળકો સાથે નાતાલની ઉજવણી કરી હતી. મનોદિવ્યાંગ બાળકો ઉત્સવની ઉજવણી કરી આનંદ કરે અને જીવનના પાઠ શીખે તે હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું.

## નાતાલ પર્વની શુભકામનાઓ પાઠવતા રાજયપાલ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે નાતાલના પાવન પર્વે સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજયપાલએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે, સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવનાર આ પવિત્ર પર્વે ઈશુ ખ્રિસ્ત પ્રબોધેલા પ્રેમ, કરૂણા, માનવતાના સંદેશને આપણે સૌ જીવનમાં આત્મસાત કરીએ અને સમાજ જીવનને સુખી, સમૃદ્ધ બનાવીએ.

## નાતાલ પર્વની શુભકામના પાઠવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સૌ ખિસ્તી પરિવારો-નાગરિકોને નાતાલ પર્વની શુભકામનાઓ પાઠવી છે.

મુખ્યમંત્રીએ 'મેરી ક્રિસમસ'ની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું છે કે, પ્રભુ ઈસુના કરૂણા, પ્રેમ અને ભાઈચારાની ભાવનાને આત્મસાત કરીને આ પર્વની સૌ સામાજિક સમરસતા અને સદભાવથી ઉજવણી કરીએ.

# આજે ભાજપ દ્વારા ભારત રત્ન બાજપાઈનો જન્મદિવસ ઉજવાશે

ગાંધીનગર,તા. ૨૪

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દર વર્ષે ભારત રત્ન, દેશના પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિને સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ પ્રદેશ ભાજપા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજીને શ્રી વાજપેયીજીના જન્મદિનને ઉજવવામાં આવશે. આ કાર્યક્રમોમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ, પ્રદેશ હોદ્દેદારશ્રીઓ/ અગ્રણીશ્રીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, સ્થાનિક ભાજપા સંગઠનના પદાધિકારીશ્રીઓ, કાર્યકર્તાઓ વિવિધ સ્થાનોએ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

આવતીકાલે 'પીએમ-કિસાન સન્માન નિધિ યોજના' અંતર્ગત દેશના ૯ કરોડ ખેડૂતોના ખાતામાં ૧૮ હજાર કરોડ રૂપિયા કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા જમા કરાવવામાં આવનાર છે, જે સંદર્ભે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી બપોરે ૧૨.૦૦ કલાકે દેશભરના ખેડૂતોને સંબોધન કરવાના છે તે કાર્યક્રમનું રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ન્ઈઢ સ્ક્રિન દ્વારા નિહાળવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. ગામડે ગામડે ખેડૂતોને ભાજપા સરકાર દ્વારા ખેડૂતોની સમૃદ્ધિ અને સુખાકારીમાં વધારો કરવા માટે કરવા આવેલા મહત્વપુર્ણ નિર્ણયો અંગે સંવાદ કરવામાં આવશે.

આવતીકાલે પૂર્વ પ્રધાનમંત્રીશ્રી વાજપેયીજીના જન્મદિનની 'ગુડ ગવર્નન્સ ડે' તરીકેની ઉજવણીના ભાગરૂપે રાજ્યમાં ૨૪૮ તાલુકા મથકોએ ગુજરાતની ભાજપા સરકાર દ્વારા 'કિસાન કલ્યાણ કાર્યક્રમો' યોજાશે જેમાં લાભાર્થીઓને કૃષિ કલ્યાણલક્ષી વિવિધ લાભ સહાય આપવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, અધિકારીશ્રીઓ,પ્રદેશ અગ્રણીશ્રીઓ વિવિધ સ્થાને ઉપસ્થિત રહેશે.


ગુજરાત સરકાર

ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન

શ્રી અટલ બિહારી વાજપેયીને

જન્મ જંયતિ પર કોટી કોટી વંદન



वर्तमान के मोहजाल में आने वाला कल न भुलाएँ।
आओ फिर से दिया जलाएँ।

સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે

કિસાન કલ્યાણ કાર્યક્રમ

ગુજરાતના ૨૪૮ તાલુકાઓમાં સામુહિક કાર્યક્રમ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

વિડિયો કોન્ફરન્સ દ્વારા ઉપસ્થિતિ

તારીખ : ૨૫ ડિસેમ્બર, ૨૦૨૦.

- સુશાસન દિવસ નિમિતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશભરના ખેડૂતોને સંબોધશે.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દેશના ૯ કરોડ ખેડૂત ખાતેદારોના ખાતામાં ડી.બી.ટી. દ્વારા ૧૮ હજાર કરોડ રૂપિયા જમા કરાવશે. જેમાં ગુજરાતના ૫૧.૩૪ લાખ ખેડૂતોના ખાતામાં રૂ. ૧૦૨૬ કરોડ જમા થશે.
- પી. એમ. કિસાન અને સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી રાજ્યના કુલ ૫૨,૬૭,૧૦૯ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ પેટે કુલ રૂ.૧૧૨૦.૭૨ કરોડની સહાયનો લાભ આપશે.



ગુજરાત સરકારની છાંયડો યોજના અંતર્ગત રાજ્યમાં ૧૬,૫૦૦ વિનામૂલ્યે છત્રી વિતરણ



કિસાન પરિવહન યોજના હેઠળ ૧૦૦૦ ખેડૂત લાભાર્થીઓને રૂા.૫ કરોડની મિડિયમ સાઈઝ ગુડ્ઝ કેરેજવાહન સહાય




દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના નિભાવ ખર્ચ માટે ૧,૦૫,૦૦૦ ખેડૂત લાભાર્થીઓને કુલ રૂા.૪૮.૦૯ કરોડ નિભાવ ખર્ચ સહાય વિતરણ



સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ યોજના અંતર્ગત ૨૫૦ જેટલા લાભાર્થીઓને રૂા.૪૬ કરોડની સબસીડીનું વિતરણ



પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારૂ કુલ ૧૨,૪૦૦ ખેડૂત લાભાર્થીને પ્રાકૃતિક કૃષિ કીટ સહાય વિતરણ



ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત ૩૪ હજાર લાભાર્થીઓને સહાય આપવાનું આયોજન



ફરતા પશુ દવાખાના અન્વયે ૧૫૦ જેટલા મોબાઈલ ડિસ્પેન્સરીનું લોકાર્પણ



ગુજરાત સરકારની ખેડૂતોને મહામૂલ્ય ભેટ

કિસાન કલ્યાણ દ્વારા સુશાસનનો દ્રઢ સંકલ્પ

વાવણીથી વેચાણ સુધી ખેડૂતોની સદા પડખે રહી છે ગુજરાત સરકાર

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.